# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1) **સુશાસન દિવસથી મુખ્યમંત્રીનો ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે ‘સ્વાગત 2.0’ ઓટો એસ્કેલેશન મેટ્રીકસ અને સ્વાગત મોબાઇલ એપનુ ઇ લોન્ચીંગ કરાશે**
2) **ગુજરાતની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પોલિસી'નું ચુસ્ત પણે પાલન કરવા શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચના**
3) **આજે વડનગર ખાતે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા મારુ ભારત સુશાસન પદ યાત્રા યોજશે**
4) **નાગરિકોને આરામદાયક અને સુવિધાપૂર્ણ મુસાફરી માટે વાહનવ્યવહાર રાજંયમંત્રી ગાંધીનગર ખાતે નવી દસ વોલ્વો બસનું લોકાર્પણ કરશે**
5) **ત્રણ મેચની મહિલા ક્રિકેટની ICC ચેમ્પિયનશિપ શ્રેણીની બીજી એક દિવસીય મેચમાં આજે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે મુકાબલો થશે**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SHUSHAN DIWAS

આવતીકાલ એટલે કે 25મી ડીસેમ્બર 2024ના સુશાસન દિવસથી મુખ્યમંત્રીનો ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત' ટેકનોલોજીના ત્વરીત ઉપયોગથી વધુ સુદ્રઢ અને અસરકારક બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 'સ્વાગત 2.0' ઓટો એસ્કેલેશન મેટ્રીકસ અને સ્વાગત મોબાઇલ એપનુ ઇ લોન્ચીંગ કરશે

પાયલોટ પ્રોજેકટ તરીકે મહેસુલ અને પંચાયત વિભાગ તથા પાટણ અને ખેડા જીલ્લામાં કાર્યરત થયેલા ઓટો એસ્કેલેશન મેટ્રીકસની સફળતાને પગલે હવે બધા જ વિભાગો અને તમામ જીલ્લાઓમાં અમલી બનાવવાનો મુખ્યમંત્રીએ નિર્ધાર વ્યક્ત કર્યો છે. ગત મોબાઇલ એપમાં નાગરિકો પોતાના મોબાઇલ નંબરથી રજીસ્ટ્રેશન કરીને ઓનલાઇન ફરિયાદ આપી શકશે અને અરજીનું સ્ટેટસ જાણી શકશે

---

- પીટીસી ગાંધીનગર, હર્ષલ પંડયા, NAVIN

# PRAFUL PANSERIYA

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા 'નો ડિટેન્શન પોલિસી' નાબૂદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, પરંતુ ગુજરાતની તમામ શાળાઓમાં આ નીતિનું ચૂસ્ત પણે પાલન થઈ રહ્યું છે.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, ધોરણ પાંચ અને ધોરણ આઠની વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનાર વિદ્યાર્થીઓ નાપાસ થશે; સાથોસાથ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે, પરંતુ જો વિદ્યાર્થીઓ ફરીથી નાપાસ થશે તો તેમને આગળના વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં. આ નિયમ ગુજરાતની તમામ શાળાઓમાં લાગુ થઈ ગયો છે.

## બાઇટ – પ્રફૂલ પાનસેરિયા, શિક્ષણ રાજ્ય મંત્રી

---

- પીટીસી- ગાંધીનગર – હર્ષલપંડ્યા, NAVIN

# SHUSHAN PADYATRA

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અટલ બિહારી વાજપેયીની 100મી જયંતીની ઉજવણી માટે વડનગરમાં 'સુશાસન પદયાત્રા' યોજશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતનમાં ઉજવણીમાં સામેલ થવા માટે પંદર હજારથી વધુ MY Bharat યુવા સ્વયંસેવકો વડનગરમાં આવ્યા છે.

ભારતીય બંધારણની 75મી વર્ષગાંઠની એક વર્ષ સુધી ચાલનારી ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયા આજે ગુજરાતના વડનગરમાં ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિની ઉજવણી માટે સુશાસન પદયાત્રા કરશે.

પદયાત્રામાં સ્થાનિક યુનિવર્સિટીઓ, કોલેજો, એનજીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના 15,000થી વધુ MY Bharat યુવા સ્વયંસેવકો સક્રિયપણે ભાગ લેશે. કેન્દ્ર અને રાજ્ય સરકારના અન્ય વરિષ્ઠ મંત્રીઓ આ ઐતિહાસિક કૂચમાં જોડાશે. યુવાનને સામેલ કરીને MY **Bharat રજિસ્ટ્રેશન ડ્રાઈવ**, **થીમ આધારિત સેલ્ફી પોઇન્ટ્સ જેવી પ્રવૃત્તિઓ સામેલ છે**.

બંધારણીય મૂલ્યોને જાળવવા અને વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત ભારત બનાવવાનાં પ્રધાનમંત્રીનાં વિઝનમાં યુવાનોનાં મહત્ત્વ પર પણ આ યાત્રમાં ભાર મૂકાયો છે.

---

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા, NAVIN

# PMJAY-MA CLAIMS AND PAYMENTS

રાજ્ય સરકારે ગઈ કાલે PMJAY યોજના હેઠળ પેનલમાં સમાવિષ્ટ હોસ્પિટલો માટેની નવી માર્ગદર્શિકા જાહેર કરી છે.

રાજ્યનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે કાર્ડિયોલોજી, ઓન્કોલોજી, જોઇન્ટ રિપ્લેસમેન્ટ અને નિયોનેટલ જેવી મહત્વની સારવાર માટેનાં નિયમો સુધારવામાં આવ્યા છે, જેથી ગેરરિતી અટકી શકે.

આ યોજના અંતર્ગત તારીખ 4 ડિસેમ્બર 2024 સુધી કુલ 72 લાખ 79 હજાર 797 દાવાઓ માટે 15 હજાર 562 કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે.

11 જુલાઇ 2023થી 10 જુલાઇ 2024 સુધીમાં આ યોજના અંતર્ગત કુલ 24 હજાર 701 એટલે કે 41 કરોડ 18 લાખ રૂપિયાના દાવાઓને રદ કરવામાં આવ્યા છે. શ્રી પટેલ હોસ્પિટલમાં થતી ગેરરીતિ અટકાવવા માટે સરકારે લીધેલાં પગલાંની માહિતી આપી હતી.

(Byte – Rushikesh Patel, **Claims**)

---

- INFO, ANIL PATEL, SONAL, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

.......................................

# HARSHA SANGHVI

આજે ગાંધીનગરમાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવી દસ વોલ્વો બસોનું લોકાર્પણ કરાશે. આરામદાયક અને સલામત મુસાફરીની નેમ સાથે વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. ગાંધીનગર ડેપ ખાતે યોજાનારા આ સમારંભમાં ગાંધીનગરના ધારાસભ્ય રીટા પટેલ તેમજ અલ્પેશ ઠાકોર પણ ઉપસ્થિત રહેશે.

-------------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલપંડ્યા, NAVIN

# BALKI DEATH

ભરૂચ જિલ્લાના ઝઘડિયામા દુષ્કર્મનો ભોગ બનેલી દીકરીનું મોત થયું છે. સતત સાત દિવસની સારવાર બાદ તેનું મોત થયું હતું. વડોદરા સયાજી હોસ્પિટલમાં સોમવારે સાંજે તેને અંતિમ શ્વાસ લીધો હતો. બીજી તરફ ચકચારી દુષ્કર્મના મામલામાં આરોપીને સોમવારે કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે આરોપીના વધુ 7 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.હવે આરોપી સામે હત્યાનો ગુનો પણ દાખલ થશે.

---------------------------------------------------------------------

- પીટીસી- ભરૂચ – હર્ષલ પંડ્યા, NAVIN

# WEATHER

રાજ્યમાં છેલ્લાં કેટલાંક દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. આગામી પાંચ દિવસ રાજ્યમાં આ પ્રકારની સ્થિતિ યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડોક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર 26 થી 28 ડિસેમ્બર દરમિયાન કચ્છ, ઉત્તર ગુજરાત, પૂર્વ ગુજરાતના ભાગો અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે હળવા વરસાદની શકયતા છે. હાલની સ્થિતિને જોતાં વીજળીના ચમકારાનું યલો એલર્ટ જાહેર કરાયો છે.

વધુમાં આગામી  ૨7 અને 28  ડિસેમ્બરના રોજ ડાંગ જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ હળવો વરસાદ સાથે વાદળ છાયા વાતાવરણની સંભાવના દર્શાવી છે વાદળછાયા વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોને પાકના રક્ષણ માટે તકેદારીના પગલા લેવા અંગે વધુ જાણકારી આપે છે ખેતીવાડી વિભાગના અધિકારી

## અધિકારીની બાઈટ

આ ઉપરાંત વધુ માહિતી માટે  કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર– 1800 180 1551 નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.

---------------------------------------------------------------------

- પીટીસી ડાંગ, સિમ્પલ, NAVIN

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટમાં, ત્રણ મેચની ICC ચેમ્પિયનશિપ શ્રેણીની બીજી એક દિવસીય મેચમાં આજે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે મુકાબલો થશે. આ મેચ વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં બપોરે 1.30 વાગ્યાથી રમાશે.

આ પહેલા રવિવારે આ જ સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ મેચમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 211 રનથી હરાવ્યું હતું.

અગાઉ ભારતીય ટીમે આંતરરાષ્ટ્રીય T-20 શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝ સામે 2-1 થી જીત નોંધાવી હતી હરમનપ્રીત કૌરની ગેરહાજરીમાં સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં ભારતીય ટીમે આંતરરાષ્ટ્રીય ટી-ટ્વેન્ટી શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. મંધાનાએ સતત ત્રણ અડધી સદી ફટકારી હતી અને દ્વિપક્ષીય T20 શ્રેણીમાં ભારતીય મહિલા દ્વારા સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

---------------------------------------------------------------------

- પુલ, નીકીતા, NAVIN

# IMPORTANT ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

આજે રાષ્ટ્રીય ગ્રાહક દિવસ નિમિત્તે આકાશવાણી, અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા ‘આજના સમયમાં ગ્રાહક સુરક્ષા’ વિષય પર વિશેષ ચર્ચા રજૂ કરવામાં આવશે. રાષ્ટ્રીય ગ્રાહક નિવારણ પંચનાં સભ્ય ભરત પંડ્યા અને આકાશવાણી અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખુંટ વચ્ચેની આ ચર્ચા આજે રાત્રે 9-15 કલાકે પ્રસારિત કરવામાં આવશે.

---

- APARNA KHUNT, અનિલ NAVIN